સુવિચાર
આશાવાદ એવો માર્ગ છે, જે વ્યકિતને અચૂક સફળતા તરફ લઈ જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટ રેન્જ ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય, એડી. સી.પી.માંડલિકે સંભાળ્યો ચાર્જ P-4

Year-16, Issue-277 ■ DATE : 10-03-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ પાસપોર્ટ-પોસ્ટઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**વડોદરાની પારૂલ યુનિવર્સિટી, ભાવનગરની હેડ પોસ્ટઓફિસમાં આવેલ પાસપોર્ટ વિભાગ તેમજ સુરત, જુનાગઢમાં પોસ્ટ ઓફિસને પણ ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઇ મેઈલ મળતા દોડધામ : બોમ્બ સ્કવોડ સ્થળ પર પહોંચી, સંકુલ ખાલી કરાવાયા**








તસ્વીર : ગૌરવ લશ્કરી




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં ફરી એકવાર પાસપોર્ટ ઓફિસ, પોસ્ટ ઓફિસ, યુનિવર્સિટીને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળ્યો છે. આજે(૧૦ માર્ચ) વડોદરાની પારૂલ યુનિવર્સિટી, ભાવનગરમાં હેડ પોસ્ટ ઓફિસમાં આવેલા પાસપોર્ટ વિભાગ અને સુરત, જૂનાગઢમાં પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો મેઈલ મળતા દોડધામ મચી છે. તો રાજકોટ પાસપોર્ટ-પોસ્ટ ઓફિસ અને અમદાવાદ પાસપોર્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. બોમ્બ-ડોગ સ્કવોડ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને સંકુલને ખાલી કરાવી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

ભાવનગર હેડ પોસ્ટ ઓફિસ પ્રીમાઈસિસ, ડિવિઝનલ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર, પાર્કિંગ અને અગાસી સહિત તમામ જગ્યાએ તપાસ કરવાના અંતે કોઈપણ વાંધાજનક વસ્તુ મળી ન આવતા પોલીસે સર્ચ કામગીરી પૂર્ણ કરી. પોલીસ સાથે બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ પણ પહોંચી અને હાલ પાસપોર્ટ ઓફિસ ખાતે તપાસ કરવામાં આવી રહી છે.

રાજકોટના એસીપી બી.જે.ચૌધરીએ જણાવ્યું હતું કે, આજરોજ રાજકોટ પોલીસ કંટ્રોલરૂમને ૧૨ વાગ્યે જાણ કરવામાં આવી હતી કે, રાજકોટની હેડ પોસ્ટ ઓફિસ અને પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. ૧૨.૧૫ વાગ્યે બૉમ્બ બ્લાસ્ટ થશે માટે તાત્કાલિક રાજકોટ એ ડિવિઝન પોલીસ, બૉમ્બ સ્ક્વોડ, ડોગ સ્ક્વોડ, SOGની અલગ અલગ ટિમો દ્વારા બન્ને કચેરી ખાતે પહોંચી ઓફિસમાં રહેલા અધિકારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકોને ઓફિસમાંથી બહાર કરી દેવામાં આવ્યા છે અને તપાસ કરવામાં આવી રહી છે. બન્ને કચેરીની તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ નહિ મળે તો બાદમાં બધાને પરત ઓફિસમાં પ્રવેશ આપવામાં આવશે અને ધમકીભર્યા ઈમેઈલ મારફત તપાસ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા કરવામાં આવશે.

અમદાવાદ પાસપોર્ટ ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ઈ-મેઈલ મારફતે ધમકી મળતા પોલીસની ટીમ રવાના થઈ છે.

રાજકોટ પાસપોર્ટ-પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ૧૨:૧૫ વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ઓફિસને ખાલી કરાવાઈ છે. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ, SOGએ ડિવિઝન પોલીસ, બોમ્બ-ડોગ સ્ક્વોડે તપાસ હાથ ધરી છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૬/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૬/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૭૨૦ | ₹૨,૭૯,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૯૨ | ₹૧૨૩.૩૬ |

## રાજકોટમાં ૨ તબક્કામાં થશે વસ્તી ગણતરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ માં વસ્તી ગણતરી કરવામાં આવનાર છે ત્યારે ગુજરાતમાં આગામી ૨૦ એપ્રિલથી ૧૯ મે સુધી પ્રથમ તબક્કાની કામગીરી થશે જેમાં સૌપ્રથમ ઘરોની ગણતરી કરવામાં આવશે અને ત્યાર-બાદ બીજા તબક્કામાં મતદારોની ગણતરી થશે. ૮૦૦ લોકો દિઠ એક કર્મચારીને વસ્તી ગણતરીનો ઓર્ડર અપાયો છે. જ્યારે ૬ કર્મચારીઓ દીઠ એક સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી છે. દરમિયાન રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા વસ્તી ગણતરીની કામગીરી માટે કર્મચારીઓના ખાસ ઓર્ડર કરવામાં આવ્યા છે. આ સિવાય ૫ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૧ માં થયેલી વસ્તી ગણતરી મુજબ ૧૩.૯૦ લાખ જનસંખ્યા નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૧ માં કોરોનાને કારણે વસ્તી ગણતરી ન થઈ શકે ત્યારે હવે ૧૫ વર્ષ બાદ વસ્તી ગણતરી થવા જઈ રહી છે. જેને લઈને તમામ સરકારી વિભાગોના કર્મચારીઓને આ કામમાં જોડવામાં આવી રહ્યા છે.

ભારતની વસ્તી ગણતરી-૨૦૨૭ ની પુર્વ તૈયારી રૂપે રાજય/જિલ્લા/તાલુકા સ્તરે વસ્તી ગણતરી બાબતે મ્યુનિસીપલ કમિશ્નર/મુખ્ય અધિકારી/ મામલતદાર/ વહીવટી અધિકારી વગેરે દ્વારા ક્ષેત્રિય કામગીરી કરનાર સુપરવાઈઝરો/ગણતરીદારોની નિમણૂંક કરવાની રહેશે. આમ દરેક ચાર્જ અધિકારીઓએ પોતાના તાબા હેઠળના વિસ્તાર માટે વસ્તી ગણતરી અધિનિયમ- ૧૯૯૦ જોગવાઈ-૩ હેઠળ સુપરવાઈઝરો/ગણતરીદારોને ભારતની વસ્તી ગણતરી-૨૦૨૭ ની ક્ષેત્રિત કામગીરી અને માહિતી એકત્રિત કરનાર તરીકે નિયુક્ત કરવાના થાય છે.

## યુદ્ધને કારણે કોમર્શીયલ ગેસનો પુરવઠો બંધ કરાતા હોટેલ અને રેસ્ટોરન્ટ પર આફત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



મધ્ય પૂર્વમાં સર્જાયેલી યુધ્ધની પરિસ્થિતિના કારણે ક્રુડ તેલ અને ગેસના પુરવઠાને મોટી અસર થઈ છે અને એક તરફ સરકારે ઘરેલું ગેસમાં ભાવવધારો કર્યો છે અને કોમર્શીયલ ગેસને પણ મોંઘા બનાવ્યા છે તથા હાઉસહોલ્ડ એલપીજીના બુકીંગના નિયમો પણ ફેરવ્યા છે. પરંતુ ૧૯ કિલોના કોમર્શીયલ ગેસ સીલીન્ડરના પુરવઠા પર મોટી અસર થતાં અને સરકારે ઘરેલું ગેસ સપ્લાયને અગ્રતા આપવાની જાહેરાત કરતાં દેશભરમાં હોટલ-રેસ્ટોરા માટેના કોમર્શીયલ ગેસની સપ્લાય ખોરવાતા કર્ણાટક, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં રેસ્ટોરા અને હોટલો ધડાધડ બંધ થવા લાગ્યા છે.

નેશનલ રેસ્ટોરન્ટ એસો. ઓફ ઈન્ડિયા પેટ્રોલિયમ મંત્રાલયને એક પત્ર લખીને કોમર્શીયલ ગેસ સીલીન્ડરની અછતના કારણે જે અભૂતપૂર્વ પરિસ્થિતિ ઉભી થઇ છે તેના સંદર્ભમાં તાત્કાલીક કેન્દ્ર સરકારની દરમ્યાનગીરી માંગી છે.

દેશભરમાં પાંચ લાખથી વધુ રેસ્ટોરાઓ માટે આ ૧૯ કિલોના ગેસ સીલીન્ડર એ ઇંધણનો મહત્વપૂર્ણ પુરવઠો બની ગયો છે અને યુધ્ધના કારણે ગેસની સપ્લાય જે રીતે મર્યાદિત બની છે તેમાં સરકારે ઘરેલું માંગને પહોંચી વળવા માટે કોમર્શીયલ ગેસ સીલીન્ડરના પુરવઠાને બંધ કરતાં કે મર્યાદિત કરતાં તેના કારણે હોટલ-રેસ્ટોરા ઉદ્યોગો પર મોટી આફત જેવી સ્થિતિ છે.

બેંગ્લોરમાં હોટલ અને રેસ્ટોરા એસો.એ ગેસના પુરવઠામાં કાપને કારણે આજથી હોટલ-રેસ્ટોરા બંધ કરવા નિર્ણય લીધો છે અને તેને કારણે લાખો લોકોની રોજગારીને પણ મોટી અસર થશે. તેલ કંપનીઓએ આગામી ૭૦ દિવસ સુધી પુરવઠાને કોઇ આંચ આવશે નહીં તેવી જાહેરાત કરી હતી પરંતુ અચાનક જ ગેસ પુરવઠો રોકી દેતા સૌ પ્રથમ અસર હોટલ અને રેસ્ટોરાના વ્યાપારીઓ પર પડી છે અને એટલું જ નહીં અનેક સ્મશાન ગૃહો પર જે ગેસ આધારીત છે તેને પણ પુરવઠો ખોરવાતા બંધ કરવાની ફરજ પડી છે.

પુનામાં કોર્પોરેશન સંચાલિત ૧૮ સ્મશાન ગૃહોમાં હવે લાકડાથી મૃતદેહોને અંતિમ સંસ્કાર અપાશે તેવી જાહેરાત કરી છે. દેશભરમાં એક માત્ર ગુજરાત એવું રાજ્ય છે કે જ્યાં હોટલ-રેસ્ટોરા પાઈપ લાઈન મારફત ગેસ મેળવે છે જેથી ગુજરાતમાં પરિસ્થિતિ થોડી સારી છે, જ્યારે રાજસ્થાનમાં પણ ૧૯ કિલોના સીલીન્ડરની સપ્લાય બંધ કરી દેવામાં આવી છે અને એક બાદ એક રાજ્યોમાંથી આ પ્રકારના અહેવાલો આવી રહ્યા છે.

## યુદ્ધ ક્યારે પુરૂ કરવું તે અમે નક્કી કરીશું: ઈરાન



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ઈરાનની લશ્કરી તાકાત ખત્મ થઈ છે અને યુદ્ધ બહુ જલ્દી પુરુ થશે તેવા ટ્રમ્પના દાવા પર વળતો જવાબ આપતા ઈરાને જાહેર કર્યુ કે યુદ્ધ અમેરિકાએ શરૂ કર્યુ હતું પણ ખત્મ અમો કરીશું. યુદ્ધ ક્યારે ખત્મ કરવું તે અમો નકકી કરશું. ઈરાનના ઈસ્લામીક રીવોલ્યુશનરી ગાર્ડ કોપ્સ એ જાહેર કર્યુ કે, આ ક્ષેત્ર (મધ્યપુર્વના) સમીકરણો અને ભવિષ્યમાં કેવી સ્થિતિ હશે તે હવે તહેરાનના હાથમાં છે. અમેરિકી સેના યુદ્ધ ખત્મ કરી શકે નહી. ઈરાને જણાવ્યું કે જો અમેરિકા હળવા ચાલુ રાખશે તો અમો તેલનું એક ટીપુ પણ અહીથી પસાર થવા દેશુ નહી. અગાઉ ટ્રમ્પે જાહેર કર્યુ હતું કે જો હોર્મુઝ પરથી એક ડ્રોન પણ ઉડશે તો અમો ૨૦ ગણી તાકાતથી ત્રાટકશું

## વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા માટે BCCIએ રૂ.૧૩૧ કરોડનું બમ્પર ઈનામ જાહેર કર્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ ભારતીય ટીમ પર ઈનામોનો વરસાદ થયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ () દ્વારા ૧૦ માર્ચ, મંગળવારના રોજ ટીમ ઈન્ડિયા માટે ૧૩૧ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. આ માતબર રકમ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને પસંદગીકારો વચ્ચે વહેંચવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં વર્લ્ડ કપ જીત્યા બાદ ટીમને ૧૨૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેની સરખામણીએ આ વખતે ૬ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ભારતીય ટીમે રવિવાર, ૮ માર્ચના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને ૯૬ રને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. આ જીત સાથે ભારત T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સતત બીજી વાર ખિતાબ જીતનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે. ભારતે પોતાનો ખિતાબ સફળતાપૂર્વક ડિફેન્ડ કરીને ક્રિકેટ જગતમાં નવો ઈતિહાસ રચ્યો છે.

આ શાનદાર પ્રદર્શન સાથે ટીમ ઈન્ડિયા હવે T20 વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી સફળ ટીમ બની ગઈ છે. ભારતે અત્યાર સુધીમાં કુલ ૩ વાર(૨૦૦૭, ૨૦૨૪ અને ૨૦૨૬) આ ટ્રોફી જીતી છે. અત્યાર સુધી વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ ૨-૨ વાર આ ખિતાબ જીતી ચૂક્યા છે, પરંતુ હવે ભારત ૩ ખિતાબ સાથે મોખરે છે. BCCIએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ જીત ભારતીય ક્રિકેટ માટે અત્યંત ગૌરવની ક્ષણ છે

## રાજયસભાની ચૂંટણીમાં ૨૬ ઉમેદવારો બિનહરીફ: પવાર અને સિંઘવી સહિતના નેતાઓ ચૂંટાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



રાજ્યસભા ચૂંટણી દરમિયાન સાત રાજ્યોમાંથી છવ્વીસ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. આમાં શરદ પવાર, અભિષેક મનુ સિઘવી અને રામદાસ આઠવલે જેવા અગ્રણી નેતાઓનો સમાવેશ થાય છે. બિહાર, ઓડિશા અને હરિયાણામાં ૧૧ બેઠકો માટે ચૂંટણીઓ યોજાવાની છે. સંભવિત ક્રોસ-વોટિંગને રોકવા માટે ભાજપે આ રાજ્યોમાં નિરીક્ષકોની નિમણૂક કરી છે.

રાજ્યસભા ચૂંટણી દરમિયાન સોમવારે અનેક અગ્રણી રાજકીય નેતાઓની બિનહરીફ ચૂંટાયા બાદ દેશના રાજકીય પરિલ્લશ્યમાં નોંધપાત્ર રાજકીય ઘટનાક્રમ જોવા મળ્યો. દસ રાજ્યોમાં ૩૭ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં સાત રાજ્યોમાંથી ૨૬ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. આમાં ફદભ (શરદ)ના વડા શરદ પવાર, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિઘવી અને કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે જેવા અગ્રણી નામોનો સમાવેશ થાય છે. બિનહરીફ ચૂંટાયેલા નેતાઓમાં વિવિધ પક્ષોના ઉમેદવારોનો સમાવેશ થાય છે. ઘણા રાજ્યોમાં, વિપક્ષી પક્ષોએ ઉમેદવારો ઉભા રાખ્યા ન હતા, જેના કારણે આ નેતાઓ મતદાન વિના રાજ્યસભામાં પહોંચી શક્યા. જોકે, બિહાર, ઓડિશા અને હરિયાણામાં ૧૧ બેઠકો માટે સ્પર્ધાઓ નિતિ છે. વધારાના ઉમેદવારોને કારણે આ રાજ્યોમાં ચૂંટણીઓ યોજાશે.

મહારાષ્ટ્ર, પમિ બંગાળ, આસામ, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુ જેવા રાજ્યોમાં ઘણા ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા. મહારાષ્ટ્રથી શરદ પવાર અને રામદાસ આઠવલે અને ભાજપના વિનોદ તાવડે સહિત અનેક નેતાઓ બિનહરીફ ચૂંટાયા. પમિ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો પણ બિનહરીફ ચૂંટાયા.

## રેસ્ટોરન્ટ ધારકોએ લગાવ્યો સરકારને ૪૦૦ કરોડનો ચૂનો: આવકવેરા વિભાગ દ્વારા કરાયેલી તપાસમાં થયો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



રેસ્ટોરંટની આવક દેખાડી અને ટેક્સ ચોરીના મામલામાં આવકવેરા વિભાગે દેશભરમાં મોટું વેરિફિકેશન અભિયાન ચલાવ્યું છે. તપાસમાં પ્રારંભિકમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુનું વેચાણ છુપાવવાનો મામલો બહાર આવ્યો છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસીઝ (સીબીડીટી)ના અનુસાર ૨૨ રાજ્યોમાં ૪૬ શહેરમાં આવેલ રેસ્ટોરન્ટની તપાસ કરાઇ હતી. આ શહેરોમાં દિલ્હી, મુંબઇ, ચેન્નઇ, કોલકાતા, સીમલા, મુરથલ, ગુરુગ્રામ અને પટણા પણ સામેલ છે.

આ અભિયાનમાં લગભગ ૪૦૮ કરોડ રૂપિયાનું વેચાણ છુપાવવાનું બહાર આવ્યું છે. સીબીડીટીએ જણાવ્યું હતું કે વિભાગે નવેમ્બર-૨૦૨૫માં ફૂડ એન્ડ બેયરેજેસ સેક્ટરમાં ટેક્સ ચોરીની પેટર્નની તપાસ શરૂ કરી હતી.


આ દરમિયાન ૧.૧૭ લાખ રેસ્ટોરન્ટના ડેટાનું વિશ્લેષણ કરી તેને તેના આવકવેરા રિટર્નમાં જાહેર ટર્ન ઓવર સાથે મિલાવવામાં આવ્યું તો ખબર પડી કે અનેક રેસ્ટોરન્ટે અસલી વેચાણ ઓછું દેખાડ્યું અને કેટલીક લેવડ-દેવડ તો નોંધી જ નહોતી.

બિલિંગ સોફટવેરમાં પણ હેરફેર કરવામાં આવતી હતી. વિભાગ ૬૩૦૦૦ રેસ્ટોરન્ટને અપડેટેડ રિટર્ન ફાઈલ કરવાનું કહેશે.

## રાજકોટ-અમદાવાદ સહિત ૪ શહેરોમાં ગરમીનો પારો ૪૧ને પાર

### હજુ ૩ દિવસ અંગ દઝાડતી ગરમી પડશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



ગુજરાતમાં ગરમીનો પારો આસમાને પહોંચતા જનજીવન પ્રભાવિત થયું છે, જેમાં રાજકોટ, અમદાવાદ, ડીસા અને કંડલા સહિતના મુખ્ય શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર કરી ગયું છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યના ૧૭ જિલ્લાઓમાં હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે આગામી ૩ દિવસ સુધી કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં તાપમાન સામાન્ય કરતા ૭ ડિગ્રી જેટલું ઊંચું નોંધાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ તકેદારી રાખવાની સૂચના અપાઈ છે. જોકે, દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાન નીચું રહેશે, પરંતુ ભેજને કારણે અસહ્ય બફારો અનુભવાશે. આગામી ત્રણ દિવસના પ્રકોપ બાદ ગરમીમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થતા લોકોને આંશિક રાહત મળવાની શક્યતા છે.

IMD અને હવામાન વિભાગના રિપોર્ટ મુજબ, મોટાભાગના શહેરોમાં તાપમાન સામાન્ય કરતા ૩ ડિગ્રી સેલ્સિયસથી ૭ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઊંચું નોંધાઈ શકે છે. રાજકોટ અને કંડલામાં આજે સૌથી વધુ ગરમી નોંધાઈ શકે છે, જ્યાં પારો ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે. દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે દ્વારકા, ઓખા અને વેરાવળમાં તાપમાન પ્રમાણમાં નીચું રહેશે, પરંતુ ભેજને કારણે બફારો અનુભવાઈ શકે છે.

અમદાવાદમાં પણ આજે કાળઝાળ ગરમીની આગાહી છે, જે સામાન્ય કરતા ૭ ડિગ્રી જેટલી વધારે છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, બોટાદ, વડોદરા, ભરૂચ, સુરત અને કચ્છમાં હિટવેવને લઈને એલર્ટ આપવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં જીલ્લામાં મહિલા દિવસ નિમિત્તે જીલ્લા કક્ષાનું મહિલા સંમેલન યોજાયું

## ‘‘વૈશ્વિક સ્તરે સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં મહિલાઓનું અનન્ય યોગદાન‘‘ : હંસાબેન પારેધી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પટેલ સમાજની વાડી, સનાળા ખાતે જીલ્લા કક્ષાનું મહિલા સંમેલન જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને અને જીલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું હતું. જેમાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓનું સન્માન થયું હતું. આ સંમેલનમાં મોરબી જીલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓના હસ્તે મહિલાલક્ષી વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાયના ચેક તથા મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વહાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મહિલા સ્વાવલંબન યોજના સહિત અન્ય સરકારી યોજનાઓના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા.

આ તકે અધ્યક્ષસ્થાનેથી જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીએ ઉપસ્થિત મહિલાઓને જણાવ્યું હતું કે, મહિલાઓની માતા, દીકરી, સાસુ સહિતની અનેક ભૂમિકા છે. તે જ ઘરને સ્વર્ગ બનાવે છે. તે વધતા જતા વૃદ્ધાશ્રમોને ઓછા કરી શકે છે. માતાએ સૃષ્ટિનું સર્જન છે, ત્યારે તેનું સન્માન થવું જ જોઈએ. આજે વિશ્વની અંદર સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં મહિલાઓનું મહત્વનું યોગદાન રહેલું છે. સરકાર દ્વારા મહિલાઓને વિવિધ ક્ષેત્રે ૩૩ ટકા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત આપવામાં આવી છે. સત્તામાં મહિલાઓની ભાગીદારીએ નારી સશક્તિકરણના ક્ષેત્રે પ્રગતિ દર્શાવે છે. સરકાર દ્વારા દીકરીઓ અને મહિલાઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અને વિશેષ અભિયાનો પણ ચલાવવામાં આવે છે.

જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ હીરાભાઈ ટમારીયાએ કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં આપણે નારી શક્તિની પૂજા કરતા આવ્યા છીએ. દેશની આઝાદી માટે પણ અનેક મહિલાઓ લડી હતી. મોરબી જીલ્લામાં અનેક અધિકારીઓ મહિલા છે તે ગૌરવની વાત છે.

આ તકે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ કહ્યું હતું કે, આપણી પરંપરામાં નારીનું સન્માન થતું જ આવ્યું છે. આપણે ત્યાં માતા લક્ષ્મી અને માતા સરસ્વતીની પૂજા કરીએ છીએ. આપણે સામાજિક કુરિવાજોમાંથી બહાર આવી દરેક ક્ષેત્રમાં આગળ આવવું જોઈએ. મહિલાઓ પુરુષોને ખૂબ સન્માન આપે છે તેવી અપેક્ષા પુરુષો પાસે પણ હોવી જ જોઈએ. કામ કરતી મહિલાઓ ઘર પણ સંભાળે છે અને બેવડી જવાબદારીઓ નિભાવે છે. સાસુ-વહુના કિસ્સામાં આપણે ત્યાં એક સ્ત્રી બીજી સ્ત્રીને સન્માન આપે તે પણ ખૂબ જરૂરી છે. દીકરાની તુલનાએ દીકરીનો જન્મદર ઓછો હોય સામાજિક સમતુલા જાળવી રાખવા દીકરી જન્મને પ્રોત્સાહન આપવું જોઈએ. દીકરીઓને અભ્યાસમાંથી ઉઠાવી ન લેવી જોઈએ અને ઉચ્ચ શિક્ષણની સાથે તેમનો સર્વાંગી વિકાસ કરવો જોઈએ.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવીએ પ્રાસંગિક પ્રવચન કરતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર મહિલાઓના ઉત્થાન માટે સતત પ્રયત્નશીલ છે. દેશના વિકાસમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન વધે તે જરૂરી છે. પુરુષ કરતા મહિલાઓમાં વાત્સલ્ય, સેવા અને માનવીય અભિગમ વધુ હોય છે, એટલે જ પ્રકૃતિએ બાળ ઉછેરની જવાબદારી મહિલાઓને આપી છે.

મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત પ્રાંત અધિકારી પ્રવિણસિંહ જેતાવત દ્વારા કરાયું હતું. કિશોરીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરાયું હતું. સરકારની યોજનાઓના અગાઉના લાભાર્થીઓએ યોજનાના લાભ બાદ મળેલી સફળતાની ગાથા રજૂ કરી હતી. આ કાર્યક્રમના ભાગરૂપે કાર્યક્રમ સ્થળે મહિલાઓને વિવિધ યોજનાઓ વિશે માહિતી પ્રદાન કરવા લીડ બેંક સખી મંડળ આરોગ્ય વિભાગ સહિત વિવિધ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા હતા.

આ તકે નાયબ જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, સીડીએચઓ ડો. પવનકુમાર શ્રીવ-સ્તવ, મહિલા બાળ અધિકારી જલ્પા ત્રિવેદી, પ્રોગ્રામ ઓફિસર મયુરી ઉપાધ્યાય, પોલીસ ઈન્સ્પેક્ટર પી. એચ. લગધીરકા, દહેજ પ્રતિબંધક અધિકારી સીમાબેન શિંગાળા તથા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં પીએમ પોષણ યોજના કર્મચારી સંઘ દ્વારા શિક્ષણમંત્રી રિવાબા જાડેજાને આવેદનપત્ર

### રસોઈયા બહેનો માટે પેન્શન, રજા અને સુરક્ષા જેવી સુવિધાઓની માંગ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પીએમ પોષણ શક્તિ નિર્માણ મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી સંઘ ભારતીય મજદૂર સંઘ મોરબી જીલ્લામાંથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે રાજ્યના શિક્ષણમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં યોજનામાં કામ કરતી હજારો મહિલા રસોઈયા બહેનોની સમસ્યાઓ અને માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. સંઘ દ્વારા નિવૃત્તિ બાદ પેન્શન અથવા લમસમ સહાય, મહિલા કર્મચારીઓ માટે વિશેષ સવેતન રજા, ‘‘રસોઈયા’’ના બદલે ‘‘ભોજન માતા’’ તરીકે સન્માનજનક ઓળખ, ડ્રેસ કોડ તરીકે સાડીની જોગવાઈ તેમજ અકસ્માત કે દુર્ઘટનામાં સહાય જેવી સુવિધાઓ આપવા માંગ કરવામાં આવી હતી.

મોરબી જીલ્લામાં પીએમ પોષણ શક્તિ નિર્માણ મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી સંઘ ભારતીય મજદૂર સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાને આવેદનપત્ર પાઠવી યોજનામાં કામ કરતી મહિલા કર્મચારીઓની પીડા અને પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. સંઘના જણાવ્યા મુજબ રાજ્યમાં અંદાજે ૯૬ હજાર કર્મચારીઓમાંથી લગભગ ૬૮ હજાર મહિલાઓ આ યોજનામાં માનદ સેવક તરીકે કાર્યરત છે. જેમાં વિધવા અને ત્યક્તા મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. આ મહિલાઓ માટે નિવૃત્તિ બાદ પેન્શન અથવા લમસમ સહાયની કોઈ જોગવાઈ ન હોવાને કારણે આવેદનપત્રમાં પેન્શન યોજના અથવા નિવૃત્તિ સહાયની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત મહિલાઓને પ્રસૂતિ રજા અને ખાસ પરિસ્થિતિમાં ત્રણ દિવસની સવેતન રજા, રસોઈયા નામના બદલે ‘‘ભોજન માતા’’ તરીકે સન્માનજનક ઓળખ, દર વર્ષે બે જોડી સાડીનો ડ્રેસ કોડ અને કામ દરમિયાન અકસ્માત સર્જાય તો મફત સારવાર તથા ચાર લાખ સુધીના વળતરની જોગવાઈ કરવાની માંગ પણ રજૂ કરવામાં આવી છે. સંઘ દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે કે મહિલા મંત્રી તરીકે રિવાબા જાડેજા આ મહિલાઓની સમસ્યાઓ સમજી સરકાર સમક્ષ તેમની વકીલાત કરી યોગ્ય ન્યાય અપાવવા માટે પગલાં લેશે.

# જામનગર આઈ.ટી.આઈ. ખાતે એન.સી.વી.ટી. પેટર્નની પરીક્ષા માટે ખાનગી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આગામી જુલાઈ-૨૦૨૬માં યોજાનાર અખિલ ભારતીય વ્યવસાય કસોટીમાં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા ઈચ્છતા અરજદારો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ડી.જી.ટી. ન્યુ દિલ્હીની નવી માર્ગદર્શિકા મુજબ લાયકાત ધરાવતા CoE, GCVT અને SCVT પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા સંસ્થાના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ તેમજ NCVT ટ્રેડ પાસ કર્યા બાદ એલાઈડ ટ્રેડની પરીક્ષામાં બેસવા ઈચ્છતા ઉમેદવારો આ તકનો લાભ લઈ શકશે. આ ઉપરાંત, નિયત શૈક્ષણિક લાયકાત અને માન્ય અનુભવ ધરાવતા અરજદારો, એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ નોંધાયેલા એકમોના તાલીમાર્થીઓ તેમજ લઘુ, મધ્યમ કે સરકારી એકમો અને ફેક્ટરી એક્ટ હેઠળ નોંધાયેલા સંસ્થાનોમાં ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો પણ આ કસોટી માટે પાત્ર ઠરે છે.રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા અરજદારોએ આગામી તા.૨૦/૦૩/૨૦૨૬ સુધીમાં આઈટીઆઈ જામનગર ખાતે કામકાજના દિવસો દરમિયાન સવારે ૧૧૦૦ થી સાંજે ૦૪૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. અરજદારે પોતાની સાથે જરૂરી શૈક્ષણિક લાયકાત, વ્યવસાયિક પ્રમાણપત્રો અને અનુભવના દસ્તાવેજો સાથે રાખી નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. ખાનગી ઉમેદવાર તરીકેની પાત્રતા અને અન્ય વિસ્તૃત વિગતો સંસ્થા ખાતેથી મેળવી શકાશે. વધુમાં, ભારત સરકારની નવી માર્ગદર્શિકા મુજબ જો સંસ્થાની એફિલેટેડ બેઠકોના ૧૦ ટકા કરતા વધુ અરજીઓ પ્રાપ્ત થશે, તો પ્રિ-ટેસ્ટનું આયોજન કરવામાં આવશે અને તેમાં મેરિટમાં આવનાર ઉમેદવારો જ ફાઈનલ પરીક્ષામાં બેસવા પાત્ર થશે, તેમ આચાર્ય, ઔદ્યોગિક તાલીમ સંસ્થા જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઈંગ્લીશ દારૂના ૪૮ ચપલા સાથે એક શખ્સ ઝડપાયો

જામનગરના કિસાનચોક નજીકના કબીર આશ્રમ પાસે એક શેરીમાંથી એક શખ્સ ઈંગ્લીશ દારૂના ૪૮ ચપલા સાથે ઝડપાઈ ગયો છે. પોલીસે તેની ધરપકડ કરી ચપલા ઝબ્બે લીધા છે.જામનગરના ખંભાળિયા નાકા વિસ્તારથી બહાર આવેલા કિસાનચોક કબીર આશ્રમ રોડ પરથી પસાર થઈ રહેલા એક શખ્સ પાસે ઈંગ્લીશ દારૂનો જથ્થો હોવાની બાતમી પરથી સીટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી વોચ ગોઠવી હતી.તે દરમિયાન કબીર આશ્રમ રોડ પરથી જઈ રહેલા જામનગરના દિગ્વિજય પ્લોટ વિસ્તારની શેરી નંબર ૪૯માં.ઓધવરામનગરમાં રહેતા પ્રશાંત દિનેશપુરી ગોસ્વામી નામના શખ્સને શકના આધારે રોકી લેવામાં આવ્યો હતો. આ શખ્સની પોલીસે તલાસી લેતા તેના કબજામાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબના ૪૮ ચપલા મળી આવ્યા હતા. પોલીસે ચપલા કબજે કરી પ્રશાંત ગોસ્વામીની ધરપકડ કરી છે.

# મોરબીના બગથળા ગામે સેવા સેતુ કાર્યક્રમનો શુભારંભ

### નકલંક મંદિર મહંત દામજી ભગતના હસ્તે કાર્યક્રમ યોજાયો, વિવિધ અધિકારીઓ અને આગેવાનોની હાજરી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં શરૂ કરાયેલા સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત મોરબી તાલુકાના બગથળા ગામે આજે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. નકલંક મંદિરના મહંત દામજી ભગતના હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન થયું હતું. કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અરવિંદભાઈ વાસદડીયા સહિત ગામના આગેવાનો અને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યભરમાં ૭ માર્ચથી સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકોને એક જ સ્થળે સરળતાથી મળે અને અરજદારોની રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ થાય તે છે. આ કાર્યક્રમ અંતર્ગત મોરબી તાલુકાના બગથળા ગામે આજે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નકલંક મંદિરના મહંત દામજી ભગતના હસ્તે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન મોરબી જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અરવિંદભાઈ વાસદડીયા, સરપંચ હરેશભાઈ મેરજા, પૂર્વ સરપંચ હરેશભાઈ કાંજીયા, મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ પ્રફુલ્લાબેન મેરજા, રાજુભાઈ દલસાણીયા, વિશાલભાઈ સાદરીયા તેમજ તલાટી મંત્રી અને તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ તેમની અરજીઓ સ્વીકારી સ્થળ પર જ નિવારણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# આજે મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા યોજાશે

### બપોરે ૪ વાગ્યે સભાખંડમાં બેઠક; વિવિધ ઠરાવો અને કામોને મંજુરી મુદ્દે ચર્ચા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજ રોજ મંગળવાર તા. ૧૦ માર્ચે બપોરે ૪ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાશે. બેઠકમાં અગાઉની બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવા સહિત સ્વભંડોળ અને રેતી રોયલ્ટીથી સંકળાયેલા વિવિધ વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક તથા વહીવટી મંજુરી આપવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

મોરબી જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેનની અધ્યક્ષતામાં જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક આજ રોજ તા.૧૦/૦૩ના રોજ મંગળવારે બપોરે ૪ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાનાર છે. જીલ્લા વિકાસ અધિકારી અને સચિવ એન.એસ. ગઢવી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ બેઠકમાં વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં સામાન્ય સભાની ગત બેઠકની કાર્યવાહી નોંધ તેમજ ગત બેઠકના ઠરાવોની અમલવારીને બહાલી આપવા અંગે વિચારણા કરવામાં આવશે. ઉપરાંત જીલ્લા પંચાયતની જુદી-જુદી સમિતિઓની બેઠકની કાર્યવાહી નોંધને મંજૂરી આપવાના મુદ્દાઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવશે.

આ સિવાય જીલ્લા પંચાયતના સ્વભંડોળ અને રેતી રોયલ્ટીમાંથી હાથ ધરાનાર વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક તથા વહીવટી મંજૂરી આપવાના મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. સદસ્યો તરફથી મળેલા પ્રસ્તાવો તથા પ્રમુખ સ્થાનેથી રજૂ થનારા મુદ્દાઓ પર પણ વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેધીની અધ્યક્ષતામાં સભ્યો હાજર રહી વિવિધ વિકાસકાર્યો અંગે નિર્ણય લેવામાં આવશે.

# મોરબી સિરામિક ઉદ્યોગના પ્રશ્ને ધારાસભ્ય સહિત એસો.ના હોદ્દેદારોએ મુખ્યમંત્રી સાથે ચર્ચા કરી





### ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની અસરથી ગેસ અને એક્સપોર્ટ સમસ્યાઓ અંગે રજૂઆત, સરકાર તરફથી સહાયની ખાતરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગાંધીનગર વિધાનસભા ભવન ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા અને મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી. હાલ ઈરાન-ઈઝરાયેલ યુદ્ધને કારણે ઈમ્પોર્ટેડ ગેસ અને એક્સપોર્ટ ક્ષેત્રે સિરામિક ઉદ્યોગને ઉભી થયેલી મુશ્કેલીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે મુખ્યમંત્રીએ ઉદ્યોગને પડતી સમસ્યાઓ અંગે રાજ્ય સરકાર સહાય કરવા પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર સ્થિત વિધાનસભા ભવન ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા અને મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી સિરામિક ઉદ્યોગને લગતા મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા. મુલાકાત દરમિયાન હાલ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઈમ્પોર્ટેડ ગેસની ઉપલબ્ધતા તેમજ એક્સપોર્ટમાં સર્જાયેલી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ પરિસ્થિતિ-માં મોરબીના સિરામિક ઉદ્યોગને કેવી રીતે રાહત મળી શકે તે મુદ્દે મુખ્યમંત્રીએ અધિકારીઓ સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે યુદ્ધને કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર સિરામિક ઉદ્યોગ સાથે ઉભા રહેશે અને શક્ય તમામ મદદ કરવા માટે તૈયાર છે. આ ઉપરાંત ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય સરકારના અગ્ર સચિવ એમ.કે. દાસ તેમજ ગુજરાત ગેસના એમડી અવંતિકા સિંહ સાથે પણ ઉદ્યોગના પ્રશ્નો અને ગેસ પુરવઠા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સિરામિક ઉદ્યોગના વિકાસ અને ઉન્નતિ માટે રાજ્ય સરકાર દ્વારા સહકાર મળશે તેવી ખાતરી મળતા મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબીના ઝૂલતા પુલને નવેસરથી બનાવવા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત

### ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશન દ્વારા શહેરની ઐતિહાસિક ધરોહરોના સંરક્ષણની માંગ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરની ઓળખ સમાન ઝૂલતા પુલને નવેસરથી યોગ્ય રીતે નિર્માણ કરવા માટે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં મોરબીની અનેક ઐતિહાસિક ધરોહરોની હાલત અંગે ચિંતા વ્યક્ત કરી શહેરના વિકાસ અને જનસુવિધાઓમાં વધારો કરવા માંગ કરવામાં આવી છે.

મોરબી શહેરની ઐતિહાસિક ઓળખ સમાન ઝૂલતા પુલને ફરીથી યોગ્ય રીતે બનાવવા માટે ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી કે.ડી. બાવરવાએ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે. રજુઆતમાં જણાવાયું છે કે મોરબી શહેર ભલે કોર્પોરેશન બન્યું હોય, છતાં શહેરની અનેક ઐતિહાસિક ધરોહરો જર્જરિત સ્થિતિમાં હોવાની ચિંતા સ્થાનિક લોકો વ્યક્ત કરી રહ્યા છે. જેમાં મહેન્દ્રસિંહજી હોસ્પિટલનું ઐતિહાસિક બિલ્ડિંગ, મણિમંદિર, ઝૂલતો પુલ તેમજ શહેરના બગીચાઓ જેવી ધરોહરોની હાલત અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત ટાઉન હોલ, મહેન્દ્ર ડ્રાઈવ રોડ, પુલ પર ઉગેલા વૃક્ષો, એન્જિનિયરિંગ કોલેજના બિલ્ડિંગના રિપેરિંગ તથા શહેરની ટ્રેન સુવિધાઓ અંગે પણ રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મોરબી એક સમય સૌરાષ્ટ્રનું પેરિસ ગણાતું હતું, પરંતુ હાલમાં વિકાસના મુદ્દે શહેર પાછળ જઈ રહ્યું હોય તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે. તેથી મોરબીની ઓળખ સમાન ઝૂલતા પુલને નવેસરથી યોગ્ય રીતે બનાવી શહેરની જનસુવિધાઓમાં વધારો કરવા રાજ્ય સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ રજૂઆતમાં કરવામાં આવી છે.

# માળીયા(મી) તાલુકાના છેવાડાના ગામોમાં પાણી મુદ્દે આક્રોશ, નવલખી હાઈવે ચક્કાજામ



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના વર્ષામેડી અને નવી નવલખી ગામોમાં લાંબા સમયથી પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉકેલાઈ નહીં હોવાને કારણે ગ્રામજનોએ નવલખી હાઈવે પર વર્ષામેડી ફાટક પાસે ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગ્રામજનોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરી તાત્કાલિક પીવાના પાણીની માંગ ઉઠાવી હતી. જે બાદમાં પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા પ્રશ્ન ઉકેલવાની બાંહેધરી આપતા ચક્કાજામ દૂર કરવામાં આવ્યો હતો.

માળીયા(મી) તાલુકાના છેવાડાના ગામોમાં પીવાના પાણીની સમસ્યાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વર્ષામેડી અને નવી નવલખી ગામના રહીશો લાંબા સમયથી પાણી માટે તરસી રહ્યા હોવાની ફરિયાદ કરી રહ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં પ્રશ્નનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. જેના કારણે આજે રોષે ભરાયેલા ગ્રામજનોએ વર્ષામેડી ફાટક નજીક નવલખી હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો.

નવી નવલખી અને વર્ષામેડી ગામના રહીશોએ જણાવ્યું હતું કે ગામમાં આશરે ૨૫૦થી ૩૦૦ જેટલા ઘરો છે, પરંતુ પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા નથી. મહિલાઓને પાણી મેળવવા માટે આશરે પાંચ કિલોમીટર દૂર જવું પડે છે, જેના કારણે ભારે મુશ્કેલી પડી રહી છે. છેલ્લા ત્રણથી પાંચ વર્ષથી પાણીનો પ્રશ્ન યથાવત છે. મોટાભાગના લોકો મજૂરી કરીને ગુજરાન ચલાવે છે અને દૈનિક આશરે ૩૦૦ રૂપિયાની આવક ધરાવે છે. આવી સ્થિતિમાં ૮૦૦ રૂપિયા ખર્ચીને ટેન્કર દ્વારા પાણી મંગાવવું તેમના માટે મુશ્કેલ બની રહ્યું છે. ત્યારે હાઈવે પર ચક્કાજામને કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી. બાદમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા સમસ્યા ઉકેલવાની બાંહેધરી આપતા ગ્રામજનોએ ચક્કાજામ દૂર કરી વાહન વ્યવહાર ફરી શરૂ કર્યો હતો.

# મોરબી જીલ્લામાં માર્ચ માસનો જીલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૫ માર્ચે યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજ્યના નાગરિકોના પડતર પ્રશ્નોના સ્થાનિક સ્તરે અને ટેકનોલોજીના માધ્યમથી ત્વરિત નિકાલ માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કાર્યરત સ્વાગત કાર્યક્રમ અંતર્ગત આગામી માર્ચ-૨૦૨૬ માસનો ’જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’ મોરબી ખાતે યોજાનાર છે. જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આ સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૧ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે, જેમાં અરજદારો પોતાના પ્રશ્નોની સીધી રજૂઆત કરી શકશે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા અરજદારોએ માર્ચ માસના કાર્યક્રમ માટે પોતાની અરજીઓ જે-તે વિભાગની જીલ્લા કક્ષાની કચેરીએ મોકલી આપવાની રહેશે. અરજીના મથાળે ’જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ’ તેવું સ્પષ્ટ લખવાનું રહેશે તેમજ અરજદારનું નામ, સરનામું અને સંપર્ક નંબર દર્શાવવા અનિવાર્ય છે. નોંધનીય છે કે, જીલ્લા સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરતા પહેલા અરજદારે ગ્રામ કે તાલુકા કક્ષાએ જવાબદાર અધિકારીને અગાઉ લેખિત રજૂઆત કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય તેવા જ પ્રશ્નો અહીં ગ્રાહ્ય રાખવામાં આવશે. વધુમાં, નીતિવિષયક પ્રશ્નો, કોર્ટ મેટર હેઠળના કે સબ-જ્યુડિસ પ્રશ્નો, વ્યક્તિગત આક્ષેપો ધરાવતી અરજીઓ, સેવાકીય બાબતો જેવી કે પેન્શન અને પગારના પ્રશ્નો અથવા જે પ્રશ્નો અગાઉ જીલ્લા સ્વાગત માં રજૂ થઈ ચૂક્યા હોય તેવી રજૂઆતો સ્વીકારવામાં આવશે નહીં. ૧૦ માર્ચ પછી મળેલી અરજીઓ હવે પછીના માસના કાર્યક્રમમાં ધ્યાને લેવામાં આવશે તેમ મોરબી નિવાસી અધિક કલેક્ટરની યાદીમાં જણાવાયું છે.

# હળવદના નવા વેગડવાવ ગામે વીજશોક લાગતા ૨૦ વર્ષીય યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના નવા વેગડવાવ ગામે ખેતરમાં ઘઉં કાપવાના કટર મશીન પર ચડેલો યુવક વીજ તારને અડકી જતા જોરદાર વીજશોક લાગતા ૨૦ વર્ષીય યુવકનું કરૂણ મોત થયું હતું. હાલ હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના નવા વેગડવાવ ગામની સીમમાં આવેલા ખેતરમાં વીજશોક લાગતા યુવકના મોતની ઘટના સામે આવી છે. જેમાં મૃતક નવદિપસિંહ બચીતરસિંહ જાટ ઉવ.૨૦ મૂળ રહે.પંજાબ રાજ્યના તરન તારણ જીલ્લાના ગોડાઈકે ગામના વતની જે હાલ હળવદ તાલુકાના નવા વેગડવાવ ગામે ત્રિભોવનભાઈ જહાભાઈ સોનગ્રાના ખેતરમાં ઘઉં કાપવાના કટર મશીન ઉપર કામ કરતો હોય તે દરમિયાન મૃતક નવદિપસિંહ મશીનના પાછળના ભાગેથી કટર મશીન ઉપર ચડ્યો હતો. ત્યારે ઉપરથી પસાર થતી ઈલેક્ટ્રિક વીજ લાઈનના તારને અડી જતા તેને જોરદાર વીજશોક લાગ્યો હતો. વીજશોક લાગતા યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ બનાવ અંગે તરણજીતસિંહ બલકારસિંહ જાટ રહે. પંજાબ વાળા પાસેથી પ્રથમીમ વિગત મેળવી હળવદ પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના હાઉસીંગ બોર્ડમાં પ્રૌઢે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરબીના શનાળા રોડ પર આવેલા હાઉસીંગ બોર્ડના ત્રણ માળીયામાં રહેતા એક પ્રૌઢે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યાનો બનાવ સામે આવ્યો છે. બનાવ અંગે મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. મોરબી શહેરના શનાળા રોડ પર આવેલા હાઉસીંગ બોર્ડના ત્રણ માળીયામાં બ્લોક નં. એમ-૩૬૫ માં રહેતા કાનજીભાઈ મોહનભાઈ મકવાણા ઉવ.૫૦ એ કોઈ અકળ કારણોસર પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નોપજ્યું હતું. ત્યારે મૃતકની લાશને મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડતા જ્યાં ફરજ પરના ડોક્ટરે પોલીસને જાણ કરી હતી. જેથી સીટી એ ડિવિઝન પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# FIFA અધ્યક્ષે ICC મેન્સ T20 વર્લ્ડકપની સફળતા પર જય શાહને અભિનંદન પાઠવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા યોજવામાં આવેલા મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં યજમાન દેશ ભારતે અમદાવાદના ખીચોખીચ ભરેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમને હરાવીને ઐતિહાસિક ત્રીજું અને સતત બીજું T20 વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ના આયોજનની સફળતા બાદ વૈશ્વિક રમત જગત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ જય શાહના દૂરંદેશી નેતૃત્વની પ્રશંસા કરી રહ્યું છે. રમતને વૈશ્વિક બનાવવા અને T20 ફોર્મેટને નવી ઊંચાઈઓ પર લઈ જવાના તેમના પ્રયાસોએ આ ટુર્નામેન્ટને અભૂતપૂર્વ વૈશ્વિક ઉત્સવમાં સફળતાપૂર્વક પરિવર્તિત કરી છે.

ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાની કરાયેલી આ એક મહિના લાંબી ટુર્નામેન્ટના વિશાળ સ્કેલ અને ક્ષતિરહિત આયોજનને સમગ્ર રમતગમત જગતમાંથી ભારે પ્રશંસા મેળવી છે. આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવતા, ફીફા અધ્યક્ષ જિયાની ઇન્ફેન્ટિનોએ શ્રી જય શાહને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

પોતાની ઇન્ટાગ્રામ પોસ્ટમાં ઇન્ફેન્ટિનોએ લખ્યું, ''આઈસીસી અને મારા મિત્ર જય શાહને વધુ એક શાનદાર રીતે આયોજિત T20 વર્લ્ડ કપ માટે અભિનંદન. વધુ એક ટાઈટલ જીતવા બદલ ભારતને ખૂબ ખૂબ અભિનંદન. તમારા અદ્દભૂત દેશની મુલાકાત લીધા પછી, હું જાણું છું કે આ તમારા માટે કેટલું મહત્વનું છે.''

અગાઉ ગત ફેબ્રુઆરીમાં, જિયાની ઇન્ફેન્ટિનો મિલાનમાં શ્રી જય શાહને મળ્યા હતા, જે વિશ્વની બે સૌથી લોકપ્રિય રમતો વચ્ચે એક મોટી ક્રોસઓવર ક્ષણ હતી. શાહને મળ્યા પછી, ઇન્ફેન્ટિનોએ ઇન્સ્ટાગ્રામ પર આઈસીસી અધ્યક્ષ સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો હતો, જેમાં તેમણે ક્રિકેટના વિકાસમાં તેમના કામની પ્રશંસા કરી હતી અને ૨૦૨૮ ના લોસ એન્જલસ ઓલિમ્પિકમાં આ રમતની ભવ્ય વાપસી માટે તેમને શુભેચ્છા પાઠવી હતી. રવિવારે પોતાના ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભારતીય જર્સી પકડેલો પોતાનો એક ફોટો શેર કરતા ઇન્ફેન્ટિનોએ ભારતીય ક્રિકેટ ટીમને રેકોર્ડ ત્રીજું મેન્સ T20 વર્લ્ડ કપ ટાઈટલ જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ''રમતગમત દ્વારા વિશ્વને એક કરવા'' ના તેમના પ્રયાસમાં શાહ સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

આઈસીસી અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યા ત્યારથી, શ્રી જય શાહ ક્રિકેટના વૈશ્વિક વ્યાપને વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ દ્વારા યોજવામાં આવેલા મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ એ અત્યાર સુધીની સૌથી વધારે વ્યૂઅરશીપનો નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬નું પ્રસારણ ૮૦ કરતાં વધારે પ્રદેશોમાં અને ૧૫ કરતાં વધારે ભાષાઓમાં કરવામાં આવ્યું હતું.

# રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ રાજકોટ ડિવિઝનના ૭ રેલવે કર્મચારીઓનું DRM દ્વારા સન્માન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સેફ્ટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સાત રેલવે કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના દ્વારા આજે ઓફિસ, રાજકોટના કોન્ફરન્સ હોલમાં પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વીજળી (ટ્રેક્શન) વિભાગના આ કર્મચારીઓને નવેમ્બર ૨૦૨૫, ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ફરજ પર અસાધારણ સતર્કતા અને જવાબદારી દાખવી સંભવિત રેલ અકસ્માતો અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવવા બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું.



સન્માનિત થનારા કર્મચારીઓમાં હિતેશ કુમાર ગઢિયા (સીનિયર સેક્શન એન્જિનિયર, લોકો ટ્રિપ શેડ, હાપા), જગદીશ પ્રસાદ સાહુ (લોકો પાયલટ, રાજકોટ), મિતેશ પી. વાઘેલા (લોકો પાયલટ, રાજકોટ), જયદીપ પીઠવા (લોકો પાયલટ, રાજકોટ), પ્રકાશ દાસ (લોકો પાયલટ, ગુડ્સ, હાપા), સુનિલ કુમાર યાદવ (લોકો પાયલટ, ગુડ્સ, સુરેન્દ્રનગર) તથા સીતારામ ઘાસવા (લોકો પાયલટ, ગુડ્સ, હાપા) નો સમાવેશ થાય છે.

આ કર્મચારીઓએ ફરજ દરમિયાન સતર્કતા દાખવી ઘણી મહત્વની ટેકનિકલ ક્ષતિઓની સમયસર ઓળખ કરી હતી. જેમાં એન્જિનના શન્ટિંગ દરમિયાન અસાધારણ ઘર્ષણનો અવાજ સંભળાતા તપાસમાં ટ્રેક (પથ) માં માટીના ઘસારો શોધી કાઢવી અને તેનું સમારકામ સુનિશ્ચિત કરવું, સ્પેશિયલ ટ્રેનોના સંચાલનમાં તમામ સુરક્ષા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવું તથા ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ જ્યારે ખંભાળિયા પાસેથી પસાર થતી હતી ત્યારે વ્હીલ માં ઢીલા બોલ્ટની ઓળખ કરી સમયસર રિપેરિંગ કરાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માલગાડીના વેગનની તપાસ દરમિયાન નકલ પિન તૂટવાની ઓળખ કરી તેને તુરંત ઠીક કરાવવી તથા રાજકોટ સ્થિત સાઈડિંગમાં વેલ્ડિંગ જોઈન્ટ પાસે રેલવે ટ્રેકમાં આવેલી ખામીની સૂચના આપી તેનું સમારકામ સુનિશ્ચિત કરવું પણ આ કર્મચારીઓની સતર્કતાના મુખ્ય ઉદાહરણો છે. આ પ્રસંગે ગિરિરાજ કુમાર મીનાએ સન્માનિત કર્મચારીઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે તેમની સતર્કતા, ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા અને કર્તવ્યનિષ્ઠા આખા ડિવિઝનના કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે અને રેલ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની દિશામાં તેમનું મહત્વનું યોગદાન છે. આ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ ચૌબે, મુખ્ય તબીબી અધિકારી ડો. રાજકુમાર, વરિષ્ઠ ડિવિઝનલ સેફ્ટી ઓફિસર રમેશ ચંદ્ર મીણા, મુખ્ય પ્રોજેક્ટ મેનેજર સુધીર દુબે, વરિષ્ઠ ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) મનોજ કુમાર રાવ અને વરિષ્ઠ ડિવિઝનલ મટીરીયલ મેનેજર જેઠાભાઈ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦૮ અને ૧૮૧ હેલ્પલાઈન સેવા સાથે સંકળાયેલા મહિલા કર્મચારીઓએ 'મહિલા દિવસ'ની ઉજવણી કરી

### રામવન અર્બન ફોરેસ્ટ ખાતે 'બ્રેકીંગ બેરિયર્સ, બિલ્ડીંગ ફ્યુચર વિષયક પોસ્ટર પ્રેઝન્ટેશન દ્વારા મહિલા સશક્તિકરણનો સંદેશ રજૂ કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત તા. ૮ માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસની ૧૦૮ અને ૧૮૧ અભયમ મોબાઇલ હેલ્થ સેવામાં કાર્યરત રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાનાં મહિલા કર્મચારીઓ દ્વારા કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

રાજકોટનાં રામવન અર્બન ફોરેસ્ટ ખાતે આયોજિત કાર્યક્રમમાં મહિલા કર્મચારીઓ દ્વારા 'બ્રેકીંગ બેરિયર્સ, બિલ્ડીંગ ફ્યુચર વિષય પર પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા કર્મચારીઓએ ગ્રુપ બનાવીને પોસ્ટર રજૂ કર્યા હતાં. જેમાં મહિલા સશક્તિકરણ તથા ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વિસીસમાં અલગ અલગ પ્રોજેક્ટમાં સેવા આપતાં મહિલાઓની ભૂમિકા વિશે સૌએ પોતાના વિચારો રજૂ કર્યા હતો. આ કાર્યક્રમમાં ૧૦૮ સેવાના પ્રોગ્રામ મેનેજર જયેશ કારેણા, ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝિક્યુટિવ ૧૦૮ તેમજ મોબાઇલ હેલ્થ સર્વિસનાં પ્રોજેક્ટ કોઓર્ડિનેટર હાજર રહ્યા હતા.

# રાજકોટ ગ્રામ્ય-જિલ્લામાં ટિફિન બોક્સ- સામાન સાથે સાયકલ-ટુ વ્હીલર બિનવારસી મુકવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય-જિલ્લા વિસ્તારમાં જનતાની સુરક્ષા માટે જાહેર જગ્યા પર ટિફિન બોક્સ કે અન્ય કોઈ સામાન સાથે સાયકલ કે ટુ વ્હીલર કોઈપણ વ્યક્તિની દેખરેખ સિવાય જાહેર જગ્યા પર બિનવારસી મુકવા પર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.કે.મુછારએ પ્રતિબંધ ફરમાવ્યો છે, જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટની હદ સિવાયના રાજકોટ ગ્રામ્ય તથા જિલ્લામાં જાહેર રસ્તા, રોડ, ફૂટપાથ, શેરી, ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણિયાત રીતે) ટિફિન બોક્સ કે અન્ય સામાન્ય સાથે સાઈકલ તથા ટુ વ્હીલર, ફોર વ્હીલર બિનવારસી રાખવા પર પ્રતિબંધ છે. જો આવું કંઈ બિનવારસી મળી આવશે તો પોલીસ તેને તપાસ અર્થે કબજે લઈ શકશે. આ હુકમ ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે અને ભંગ કે ઉલ્લંઘન કરનાર દંડને પાત્ર થશે.

# રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બોર-કુવા અંગે જાહેરનામુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બોર-કુવામાં પડી જવાથી બાળકોના મૃત્યુ થવાના અનેક કિસ્સાઓ બનતા હોય છે. આવા ગંભીર, માનવ જીંદગી જોખમાવતા બનાવો બનતા અટકાવવા ઈચ્છનીય છે. વર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં લઈને જાહેર શાંતિ અને સુલેહ જાળવવા તથા માનવ જીંદગી જોખમાતી બચાવવા પગલા લેવા જરૂરી છે. જેથી, કોઈપણ પ્રકારની સુલેહ-શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી તથા કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે, તે માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન.કે.મુછાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જે મુજબ, રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં ખેતીના ઉપયોગ તથા અન્ય હેતુ માટે કુવા ખોદવામાં આવે છે અને અનાયાસે આ કુવા ફેઈલ થઈ જતાં તે બંધ કર્યા સિવાય જે-તે અવસ્થામાં ખુલ્લા છોડી દેવામાં આવે છે, તેવા કુવા જે-તે માલિકોએ તાત્કાલીક અસરથી પુરાણ કરીને બંધ કરી દેવાના રહેશે. જે બોર હાલ બિનજરૂરી (બિનવપરાશ) હોય પરંતુ ભવિષ્યમાં તેનો ઉપયોગ કરવાનો હોય, તેવા ખુલ્લા રાખેલા બોરને અકસ્માત થતો અટકાવવા બોરકેપ નટ-બોલ્ટ સહિત ફરજીયાત લગાવી ઢાંકી દેવાના રહેશે. દરેક ખાતેદારે ખેતી હેતુ માટે ઉપયોગમાં લેવાતા તમામ કુવાની ફરતે પાકી દિવાલ બનાવી લેવાની રહેશે.

આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સિવાયના વિસ્તારમાં તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે.

# રાજકોટ શહેરમાં એ.ટી.એમ., મોલ સહિતના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા ફરમાન

### રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામું જારી : ઉલ્લંઘન બદલ દંડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એ.ટી.એમ., મોલ, રેસ્ટોરાં સહિતના સ્થળે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામા મારફત ફરમાન કર્યું છે.

શહેર પોલીસ કમિશનરના જાહેરનામામાં જણાવાયા મુજબ, તમામ બેંકો, તમામ એ.ટી.એમ.સેન્ટરો, સોના-ચાંદી તથા કિંમતી ડાયમંડના ઝવેરાત વેચનાર દુકાનો, શોરૂમ, તથા શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થીયેટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ સેન્ટર, કોમર્શિયલ સેન્ટરો, હોટલ, કોફીશોપ, કાફે, રેસ્ટોરાં, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બૉર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, આંગડિયા પેઢીના વ્યવસાયિકો તથા હોટેલ, બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોના પ્રવેશદ્વારો ઉપર પુરતા પ્રમાણમાં તાલીમબદ્ધ સિક્યોરિટી ગાર્ડને મેટલ ડીટેક્ટર સાથે ફરજ પર નિયુક્ત કરવાના રહેશે. ઉપરાંત પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર, રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગ તથા જાહેર જનતા માટેના પ્રવેશની તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં ગેઈટવાઈઝ સારી ગુણવત્તાવાળા વધુ રેન્જના માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય અને વાહનના નંબર વાંચી શકાય તેવા તથા બિલ્ડીંગના બહારના ભાગે સી.સી.ટી.વી. કેમેરા ગોઠવવાના રહેશે. આ સી.સી.ટી.વી.ના રેકોર્ડીંગના ડેટા ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી સાચવવાના રહેશે. આ કેમેરા સતત ૨૪ કલાક સુધી ચાલુ રહે, તે જોવાની જવાબદારી માલિકો, ઉપભોક્તાઓ, વહીવટકર્તાઓની રહેશે. પોલીસ દ્વારા જ્યારે જયારે સી.સી.ટી.વી. ફૂટેજ માંગવામાં આવે ત્યારે ત્યારે કોઈપણ પ્રકારના વિલંબ વગર સી.સી.ટી.વી. ફૂટેજ આપવાના રહેશે.

મોલ પાર્કિંગમાં વાહન, પેસેન્જર, સામાન ચેકિંગ તેમજ મોલમાં આવનાર લોકો અને તેમના સામાનની પ્રવેશદ્વારે ચકાસણીની વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી મોલ માલિકની રહેશે. મોલ માલિકોએ પ્રતિબંધિત સામાન, સ્ફોટક પદાર્થો ન આવે તે કાળજી રાખવા તથા તે માટે સ્નિફર ડોગની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. સી.સી.ટી.વી. કેમેરાની અને સિક્યોરિટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉકત એકમોએ આ જાહેરનામાની પ્રસિધ્ધિથી દિન-૭માં કરવાની રહેશે. નવા શરૂ થતા એકમોએ ઉપરોકત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે. આ આદેશો તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના પરપ્રાંતીય મજૂરોની વિગતો પોલીસ મથકમાં જણાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં પરપ્રાંતીય કારીગરો દ્વારા થતા ગંભીર ગુનાઓ અટકાવવા અને જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.કે.મુછારએ આદેશો જારી કર્યા છે.

જે મુજબ રાજકોટ જિલ્લા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તમામ કારખાના, મકાન બાંધકામ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, ખેતી કામ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટએ પોતાના યુનિટમાં હાલમાં કામ ઉપર છે, તેવા કાયમી, હંગામી, રોજિંદા કે કોન્ટ્રાકટના ભાગીયા, કર્મચારીઓ, કારીગરો, મજુરોની હકીકત તૈયાર કરી નિયત પત્રકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાનું રહેશે. તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેનારા આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# રાજકોટ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૪ માર્ચે યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪ માર્ચ, ૨૦૨૬ને મંગળવારે મામલતદાર કચેરી ખાતે યોજાશે. જે અંગે પ્રશ્નો બે નકલમાં અરજદારોએ સંબંધકર્તા મામલતદારને તા. ૧૦ માર્ચ, ૨૦૨૬ સુધીમાં મોકલવાના રહેશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓની નોકરી અંગે કોર્ટમાં કેસ ચાલુ હોય તે બાબત, ન્યાયિક કે અર્ધન્યાયિક બાબતને લગતા પ્રશ્નો અને આ કાર્યક્રમમાં અગાઉ રજૂ થયેલા પ્રશ્નો ફરીથી રજૂ કરવાના રહેશે નહીં. તેમજ પ્રથમ વખત અરજી કરતા હોય તેવા પ્રશ્ન રજૂ કરવા નહીં, આ માટે એક અરજીમાં એક જ પ્રશ્ન મોકલી શકાશે. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' માટેની અરજી એમ લખવાનું રહેશે. અરજી બે નકલમાં જરૂરી પૂરાવા સાથે આપવાની રહેશે, તેમ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ઉપલેટામાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, ભાયાવદર**
**અહેવાલ – વિજય રાડીયા**



ઉપલેટા પંથકમાં અઢી દાયકાથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિ સંકળાયેલ માનવસેવા ટ્રસ્ટ અને ક્ષેત્ર ગ્રાહક સુરક્ષા મંડળ સંયુક્ત ઉપક્રમે શહેરના જાણીતા ગૌભક્ત સુરેશભાઈ માકડીયા ના સ્મરણાર્થે સર્વ રોગ નિદાન કેમ્પ તથા આંખના ઓપરેશન ના કેમ્પનું આયોજન તારીખ ૧૫ ને રવિવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી સમસ્ત વાજા જ્ઞાતિ વાળી સિદ્ધાર્થ ચેમ્બર ની બાજુમાં જવાહર રોડ ઉપલેટામાં આયોજન કરવામાં આવેલ છે શહેરના જાણીતા ગૌભકત અને વડ ચોક ગૌ. સેવા સમાજના પ્રણેતા સુરેશભાઈ વલ્લભભાઈ માકડીયા ના સ્મરણા અર્થ માનવસેવા ટ્રસ્ટ અન્ન ક્ષેત્ર દ્વારા પિયુષભાઈ માકડીયા અને ધવલભાઈ માકડીયાના મુખ્ય સહકારથી આ સર્વર રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે આ કેમ્પમાં આંખના મોતિયાના ઓપરેશન માટે રણછોડદાસ આશ્રમ આંખની હોસ્પિટલ રાજકોટ દ્વારા વિનામૂલ્ય કરી આપવામાં આવશે આ ઉપરાંત સુપેડી ધ્રુવ આયુર્વેદિક કોલેજના જાણીતા ડોક્ટરો આ ઉપરાંત ઘૂંટણ કમર વાહ જુના હઠીલા દર્દની તપાસણી વિના મૂલ્ય કરવામાં આવશો ઘણા દુખાવા ની સારવાર લેશરગનથી વિના મૂલ્ય પણ કરી આપવામાં આવશે આ કેમ્પમાં ભાગ લેવા માગતા દર્દીઓએ વહેલા તે પહેલાના ધોરણે લાલજીભાઈ રાઠોડ નો મોબાઈલ નંબર ૮૦૦૦૩૮૨૩૮૨. રમેશભાઈ ૯૪૨૯૩૫૧૯૨૨ ઉપર સંપર્ક કરે નામની નોંધણી કરાવી લેવી

# ઉના મામલતદાર ઓફિસમાં રૂ.૫૦,૦૦૦ની લાંચ લેતા તલાટી અને પટાવાળો રંગેહાથ ઝડપાયા

### એ.સી.બી.ની સફળ ટ્રેપ થતા ઉના પંથકમાં સરકારી બાબુઓમાં ફફડાટ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના મામલતદાર ઓફિસમાં સીટી તલાટી અને એક પટાવાળો ઝડપાયો છે ફરીયાદી મુજબ પિતા તથા તેના કાકાના નામે આવેલ ઉના ખાતેની જમીનનુ એકત્રીકરણ કરીઆપવાના અવેજ પેટે રૂ.૬૦,૦૦૦/- લાંચની રકમ માંગી લાંચના છટકા અગાઉ રૂ.૧૦,૦૦૦/- આ કામનાઆક્ષેપીત નં.૧ નાએ લઇ લીધેલ અને બાકી રકમ રૂ.૫૦,૦૦૦/- ની લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય ફરીયાદીની ફરીયાદ આધારે આજરોજ આક્ષેપીતની કચેરી ખાતે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આ કામના આક્ષેપીતે નં.(૧)એ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી,લાંચની રકમ રૂ.૫૦,૦૦૦/- ફરીયાદીપાસેથી માંગી, આ કામના આક્ષેપીત નં.(૨) ને આપી દેવા જણાવી સ્વીકારી પોતાના રાજયસેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી ઝડપાઈ જઈ ઝડપાઈ ગયા ૧) જીજ્ઞેશભાઇ જવેરભાઇ બાંભણીયાનોકરી-રેવન્યુ તલાટી, મામલતદાર કચેરી, ઉના, ઉ.વ.૩૩ વર્ગ-૩ હાલ રહે જશરાજનગર, ગીરગઢડા રોડ, ઉના તા.ઉના, જી.ગીરસોમનાથ, મુળરહે. ગામ-કુકડ, તા.ઘોઘા, જી.ભાવનગર.(૨) રાકેશભાઇ રમેશભાઇ મજીઠીયા, પટ્ટાવાળા (કરાર આધારીત), મામલતદાર કચેરી, ઉના ઉ.વ.૩૦ રહે.રામનગર ખારો વિસ્તાર, ઉના, તા.ઉના જી.ગીરસોમનાથ મામલતદાર ઓફિસથી ઝડપી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી એસીબી એ કરી છે આ બનાવ બનતા ચકચારમાંથી જવા પામી છે

ટ્રેપીંગ અધિકાર એસ.સી.શર્મા, પોલીસ ઈન્સ્પેકટર, દેવભૂમિ દ્વારકા એ.સી.બી. પો.સ્ટે. તથા એ.સી.બી. સ્ટાફ લોકોએ આ સફળ ટ્રેપ કરી છે

# રાજકોટ શહેરમાં મકાન ભાડે આપતા અગાઉ સંપૂર્ણ વિગતો સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરતા તથા મકાન ભાડે રાખીને રહેતા અસામાજિક તત્વોની અનિચ્છનીય પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા માટે રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, ઔદ્યોગિક એકમો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપતા માલિકો, સંચાલકો માટે રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પ્રતિબંધાત્મક હુકમો જાહેર કર્યા છે.

જે મુજબ કોઈ ઔદ્યોગિક એકમો, મકાનો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજના માલિકો અથવા માલિકે ખાસ સત્તા આપેલ સંચાલકો જયારે ઔદ્યોગિક એકમો, મકાનો, ઓફિસો, દુકાનો, ગોડાઉનો, કોલ્ડ સ્ટોરેજ ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા વિના કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહીં. ભાડે આપનાર તથા રાખનારે નોટરી પાસે જરૂરી દસ્તાવેજ કરાર કરાવવાના રહેશે. બંનેના ફોટા સાથેના ભાડા કરારની નકલ તેમજ ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને જેઓએ ભાડુઆતની ઓળખાણ આપી હોય, તે તમામની જરૂરી વિગતો નિયત કરેલા પત્રકમાં જરૂરી માહિતી ભરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે. આ હુકમ તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# જામનગરમાં બાળક સાથે અઘટીત કૃત્ય આચરનાર વૃદ્ધને ૨૦ વર્ષની જેલ સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માં પોણા ત્રણેક વર્ષ પહેલા એક માસૂમ બાળક સાથે ખરાબ કામ આચરનાર વૃદ્ધ ને અદાલતે ૨૦ વર્ષ ની જેલ સજા નો આદેશ કર્યો છે.

આ કેસ ની વિગત એવી છે કે , ફરિયાદી મહિલા નો સગીર વય ના ૪ વર્ષ ના માસૂમ પુત્ર ને આરોપી રસિકલાલ દેવજીભાઈ પરમાર ઉં.વ.૬૮, રહેવાસી.હાપા રંગમતી આવાસ આઠમો માળ બ્લોક નંબર સી.૮૦૮ જામનગર.વાળા એ તારીખ ૧૮ /૭/ ૨૦૨૩ ના રોજ સાંજના સાતક વાગે ફરિયાદી ને દશામાના વ્રત ચાલતા હોય.જેથી સાંજના આઠેક વાગ્યે આરતી કરવાની હોય અને તેમના પાડોશી બહેનો તેમના ઘરે આવેલા હતા. અને દશામાની આરતી કરતા હતા .જ્યારે ફરિયાદી ના પતિ કામ ધંધે ગયા હતા.ભોગ બનનાર બાળક તેમના ઘરની બહાર રમતો હતો.ત્યારે બાળક ના રડવા નો અવાજ આવતા ફરિયાદી બહેન બહાર જોવા માટે ગયેલ અને ફરિયાદી એ જોયું તો તેમના પાડોશમાં રહેતા આરોપી તેના ઘર ની બહાર ગાદલુ પાથરી પોતાના માસૂમ પુત્ર સાથે ખરાબ કામ કરતા હતા.આ સમયે તેમના ઘરમાં આવેલ પાડોશી પણ ત્યાં આવી ગયા હતા . આ પછી મહિલા એ પોતા ના સસરા તથા પતિ ને ફોન કરી જાણ કરી બોલાવ્યા હતા ત્યાર પછી મહિલા એ આરોપી સામે પોતા ના માસૂમ પુત્ર સાથે ખરાબ કામ કરવા અંગે પોલીસ માં ફરિયાદ નોંધાવી હતી.આથી પોલીસે પોક્સો ની તથા એટ્રોસિટી એક્ટ ની કલમ મુજબ ની ફરિયાદ નોંધી હતી.આ અંગે નો કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટ માં ન્યાયધીશ આર.પી.મોગેરા સમક્ષ ચાલી જતા સરકાર તરફે ૧૨ જેટલા સાહેદો, આઈવીટનેસ તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ તથા સરકારની વકીલની દલીલ ગ્રાહય રાખી આરોપીને તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષ ની સખત કેદ ની સજા તથા રૂપિયા ૫૦૦૦ નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક વર્ષ ની સજા તથા ભોગ બનનાર ને વળતર પેટે રૂપિયા બે લાખ ચૂકવવા નો હુકમ કરેલ છે.

# જામનગરમાં માય ભારત દ્વારા આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર ખાતે માય ભારત દ્વારા આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરાયું હતું.જેમાં મુખ્ય અતિથિ પદે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર વિનોદભાઈ ખીમસુરિયા ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે વિશિષ્ટ અતિથિ તરીકે કોર્પોરેટર પાર્થભાઈ તેમજ એન.ડી.સી. ગ્રુપના ફાઉન્ડર જયેશભાઈ વાઘેલાએ ખાસ હાજરી આપી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગિક ઉદબોધન આપતા જણાવ્યું હતું કે, દેશની એકતા, અખંડિતતા અને સાંસ્કૃતિક વારસાને સમજવા માટે આવા આદાન-પ્રદાન કાર્યક્રમો ખૂબ જ અનિવાર્ય છે. તેમણે યુવાનોને સંસ્કૃતિ અને પરસ્પર સમજણ કેળવી દેશના સર્વાંગી વિકાસમાં સક્રિય ભાગીદારી નોંધાવવા માટે પ્રેરણા આપી હતી.જામનગર જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતારના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લામાંથી આવેલા યુવા પ્રતિભાગીઓએ મોટી સંખ્યામાં જોડાઈને પોતાની કલા અને વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આગામી દિવસોમાં પણ આ કાર્યક્રમ અંતર્ગત યુવાનો માટે વિવિધ સર્જનાત્મક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવનાર છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સહભાગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશના વેચાણ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર તથા જિલ્લામાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતા વસ્ત્રોનુ વેચાણ તથા તેના ઉપયોગ થકી થઇ શકતી દેશદ્રોહી કે ગેરકાયદે પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવાના આશયથી રાજકોટ શહેર પોલિસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ, રાજકોટ શહેર પોલીસ કમિશનરના વિસ્તારમાં સૈન્ય, સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સમાનતા ધરાવતા વસ્ત્રોના વેચાણ તથા તેના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામું તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે, તથા તેનું ઉલ્લંઘન કરનાર દંડને પાત્ર થશે.

# રાજકોટ રેન્જ ડી.આઈ.જી. નિર્લિપ્ત રાય, એડી. સી.પી.માંડલિકે સંભાળ્યો ચાર્જ

**રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર જિલ્લાની જવાબદારી સંભાળતા અધિકારીઓની સાથે ત્રણ કલાક કરી મીટીંગ**

■ એડી. સી.પી. ચૈતન્ય માંડલિક કડકાઇ અને ગુનેગારોની કમર તોડવા માટે જાણીતા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેન્જના નવા ડી.આઈ.જી. તરીકે નિર્લિપ્ત રાય તેમજ રાજકોટ શહેરના એડી. પોલીસ કમિશનર તરીકે ચૈતન્ય માંડલિકના પોસ્ટિંગ થયા છે. બન્ને ઓફિસરે પોતાના નવા મુકામ પર હાજર થઈને ચાર્જ સંભાળી લીધા છે. પ્રથમ દિવસથી જ એક્ટિવ મોડમાં દેખાતા તાબાના અધિકારીઓ, સ્ટાફ પણ રૂખ પારખીને કામની સ્ટાઈલ કે ચાલ બદલાવવી પડશે તેવો આંતરિક ગણગણાટ દેખાયો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલમાં ફરજ બજાવનાર નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જમાં આવતા તેઓના કામ, રીતભાત, ચાલ જાણનારાઓ રાય હાજર થાય એ પૂર્વે જ સતર્ક બની ગયા. આજે રાય પ્રથમ સર્કિટ હાઉસ પહોંચ્યા હતા જ્યાં અધિકારીઓએ આવકાર્યા હતા. બપોરના અઢી વાગ્યા બાદ તેઓ ચાર્જ લેવા રેન્જ ડી.આઈ.જી. કચેરીએ પહોંચ્યા હતા. બેન્ડ, રેડ કાર્પેટ સાથે સ્વાગત થયું હતું. ચાર્જ લીધા બાદ તુરંત જ એસપી કક્ષાના ઓફિસર્સ સાથે બંધ બારણે બેઠક પણ યોજી હતી. જિલ્લાના વડાને ઉંચા અવાજે કંઈક પૂછતાછ સાંભળનારાઓ પણ ચોંકી ગયા હશે. પાંચેય જિલ્લાના એસ.પી. બાદ એલસીબી, એસઓજી તથા ડીવાયએસપીની મોડી સાંજ સુધી મિટીંગ લીધી હતી.

રાજકોટ જિલ્લામાં એએસપી તરીકે ૨૦૧૧માં ફરજ બજાવી ચૂકેલા અને અમદાવાદ ડીસીપી ક્રાઈમ સહિતની પોસ્ટ પર સુપેરે કામગીરી કરનારા આઈપીએસ ઓફિસર ચૈતન્ય માંડલિક પણ સોમવારે નવી પોસ્ટ રાજકોટ સિટી એડી. સી.પી. તરીકે આરૂઢ થવા હાજર થયા હતા. તેમને શહેરના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બુકે આપી આવકારાયા હતા. સર્કિટ હાઉસે આવ્યા બાદ માંડલિકે બપોર બાદ સી.પી. કચેરીએ પોતાના નવા પદનો ચાર્જ સંભાળ્યો હતો. ડીસીપી તેમજ અન્ય અધિકારીઓ સાથે પ્રાથમિક ચર્ચા-વિમર્શ સાથે શહેરનો ભૌગોલિક તેમજ કાયદો-વ્યવસ્થા સંદર્ભેનો ચિતાર મેળવ્યો હતો. નવા બન્ને અધિકારીઓની છાપ કડકાઈમાં ગણાય છે. હવે તેમના નવા સ્થાન પર આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને લઈને આરંભે કઈ રીતે ટીમ અને ફિલ્ડમાં કામ લેશે તેના પર જાણકારોની મીટ મંડાયેલી હશે.

# શ્યામજી કૃષ્ણવર્મા ટાઉશિપમા ફ્લેટમાંથી ધોળા દિવસે રોકડ રૂપીયાની ચોરી કરનાર બેલડી ઝડપાઈ

કલાકો માટે બંધ રહેલા મકાનમાંથી રૂ.૪૫ હજારની મત્તા ચોરી કરનાર શખ્સોને પ્ર. નગર પોલીસે દબોચ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં સાધુવાસવાણી કુંજ રોડ પર આવેલી શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપમાં ધૂળેટી કલાકો માટે બંધ રહેલા મકાનમાં ધોળા દિવસે રૂ. ૪૫ હજારની ચોરીનો બનાવ બન્યા અંગે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પ્ર.નગર પોલીસે તપાસ હાથ ધરી નામચીન તસ્કર સહિત બે શખસોને ઝડપી લીધા હતાં. પોલીસે આ બેલડી પાસેથી રૂ.૪૫ હજારની રોકડ કબજે કરી હતી. બનાવ અંગે શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપ વિંગ બી ફ્લેટ નંબર ૪૦૪ માં રહેતા હરેશભાઈ વિનોદભાઈ પંડ્યા (ઉ.વ.૫૦) નામના રીક્ષાચાલકે ગઈ તા. ૭/૩ ના પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ચોરીના બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં રીક્ષાચાલકે જણાવ્યું હતું કે, ગઈ તા. ૪ ના ધુળેટીનો તહેવાર હોય જેથી તે તથા તેની પત્ની અને પુત્ર તથા સાળીની પુત્રી સહિતનાઓ ગૌરીદડ ગામે રહેતા મામાજી સસરાના ઘરે ગયા હતા તેમજ તેમની સાથે રહેતા તેમના માતા રેલનગરમાં સુભાષચંદ્ર બોઝ ટાઉનશિપમાં રહેતી બહેન રૂપલબેનને ત્યાં રોકાવા ગયા હતા. બપોરના ત્રણેક વાગ્યા આસપાસ ફરિયાદી તથા તેનો પરિવાર ગૌરીદડ ગામેથી ઘરે આવતા દરવાજો ખુલ્લો હોય અને દરવાજા પરનું તાળું તૂટેલું હતું જેથી કંઈક અજુગતું બન્યાની શંકા ગઈ હતી.

બાદમાં મકાનમાં તપાસ કરતા સામાન વેરવિખેર હતો. તિજોરી તથા કબાટના દરવાજા ખુલ્લા હતા તિજોરીમાં લોકરના ખાનામાં અંદાજે રૂપિયા ૪૫,૦૦૦ ની રોકડ રાખી હતી.આ રોકડ ચોરી થઇ ગયાનું માલુમ પડયુ હતું. જે અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ચોરીના આ બનાવને લઇ પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઈ જે.બી.રાણીગા તથા ટીમે તપાસ હાથ ધરી આ ચોરીમાં નામચીન તસ્કર પ્રદીપ ઉર્ફે પદીયો કાળુભાઈ પઢારીયા (રહે ગુલાબ નગર) અને જગદીશ ઉર્ફે જગો ગુણવંતભાઈ નિમાવત (રહે કોઠારીયા સોલવન્ટ) ને ઝડપી લઈ તેની પાસેથી રોકડ રૂ.૪૫ હજાર કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ સરકારી હોસ્પીટલમાં હૃદયરોગના હુમલામાં ૪ના નિપજયા મોત

મહીલા પ્રૌઢ, આધેડ અને યુવકના મૃત્યુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બીમારી અને હાર્ટ એટેકથી રાજકોટ સિવિલમાં મહિલા સહિત ૪ના મોત નીપજ્યા હતા. પહેલા બનાવમાં કલ્પનાબેન ભાવેશભાઈ ચૌહાણ (ઉંમર વર્ષ ૫૦, રહે. પુનિતનગર, ૨૫ વરિયા) રાત્રે ૧૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ હતા.કલ્પનાબેનને સંતાનમાં ૨ દીકરા છે. એમના પતિ કારખાનામાં નોકરી કરે છે. પરિવારે જણાવ્યું કે, રાત્રે જમ્યા બાદ કલ્પનાબેનને ઉલ્ટી થઈ હતી. પછી ગભરામણ થવા લાગ્યું અને બેભાન થઈ ગયા હતા. સિવિલ હોસ્પિટલમાં લાવતા સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો.

બીજા એક બનાવમાં મગનભાઈ જકશીભાઈ આકરીયા (ઉંમર વર્ષ ૫૫, રહે.મનહરપુર - એક, દ્વારકાધીશ પેટ્રોલ પંપ સામે, જામનગર રોડ, રાજકોટ)સવારે પાંચ વાગ્યા આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ હતા. મગનભાઈ ટ્રેક્ટર ચલાવતા. તેમને સંતાનમાં ૩ દીકરી અને ૧ દીકરો છે. પોતે ૩ ભાઈ અને ૧ બહેનમાં મોટા હતા. તેમને પેરાલીસીસનો એટેક આવ્યા બાદ હૃદય ધબકારા ચુકી જતા મોત નીપજતા પરિવારમાં શોક છવાયો હતો. વધુ એક બનાવમાં નરેન્દ્રગીરી જયંતિગીરી મેઘનાથી (ઉંમર વર્ષ ૫૦, રહે.વિનાયકનગર, યાદવ પાનની સામે, મવડી મેઈન રોડ, રાજકોટ) સવારે પોતાના ઘરે બેભાન થઈ જતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ. નરેન્દ્રગીરીને કેન્સરની બીમારી હતી. આ સિવાય વિનોદભાઈ રામદેવભાઈ પ્રસાદ (ઉંમર વર્ષ ૪૫, રહે.જગદીશનગર, દૂધસાગર રોડ) સવારના ૬૦૦ વાગ્યાની આસપાસ પોતે ઘરે હતા ત્યારે બેભાન થઈ જતા સિવિલ હોસ્પિટલમાં લાવતા ડોક્ટરે મૃત જાહેર કરેલ. તેમને કિડની સહિતની બીમારી હતી.

# લોધીકા પંથકમાં ૧.૮૦ લાખની વાયર ચોરીમાં બેલડી પકડાઈઃ સાતની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના બાલસર ગામના પાટીયા પાસેથી પીજીવીસીએલના રૂ.૧.૮૦ લાખની કિંમતનો ૪.૪ કીમી લાંબો વાયર વીજપોલ પરથી કાપી ચોરી જનાર રાજસ્થાની ગેંગના બે સાગરીતોની ધરપકડ કરી રૂરલ એલસીબી ટીમે ૧૦૯૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વાયર સહીત બે લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે ગેંગ લીડર સહીત સાત શખ્સોની શોધખોળ આદરી હતી. પ્રાપ્ત વિગત મુજબ, લોધિકામાં રહેતા પીજીવીસીએલના નાયબ ઈજનેર ભાવેશભાઈ હાપલીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૩/૦૧ થી ફીસ્કા રબ્બર કંપની બાલસરના નવા કનેકશન અંગે ૬૬ કેવી ખીરસરા સબ સ્ટેશનમાંથી નવા ફીડરની કુલ લંબાઇ ખુલ્લી વીજ લાઇન ૪.૦૧૫ કી.મી. તેમજ અંડર ગ્રાઉન્ડ ૧.૬૯ કી.મી. મંજુર થયેલ હતુ. જેની કામગીરી ગઈ તા.૦૫/૦૧ થી શરૂ કરેલ અને તા.૦૫/૦૨ ના રોજ પુર્ણ થયેલ હતું. ગઈ તા.૦૮-૦૨ ના સ્ટાફના માણસો આ નવા ફીડરનું પરચુરણ કામ કરવા ગયેલ ત્યારે ખીરસરા-લોધીકા રોડ ઉપરના બાલસર ગામના પાટીયાથી ફીસ્કા રબ્બર કારખાના તેમજ ત્યાંથી આગળ હરીપર તરવળા રોડ ઉપર ઓમ પ્લાસ્ટીક કારખાના તરફ જતા રોડ સુધી ઉભા કરવામ ઉભા કરવામાં આવેલ વીજ પોલનો વીજ વાયર મળી આવેલ નહી.

જેથી વીજ વાયર વીજ પોલ ઉપરથી કોઈ અજાણ્યા માણસો કાપી ઉતારી ગયેલાનું જણાય આવેલ જેની અંદાજીત કિંમત રૂ. ૧.૮૦ લાખ જે વીજ વાયર કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઇ જતાં ફરીયાદ નોંધાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલિસે ગુનો નોંધી નોંધી તપાસ શરૂ કરી હતી. પીજીવીસીએલની માલિકીના વાયરની ચોરીની ઘટનાનો તાત્કાલિક ભેદ ઉકેલવા રૂરલ એલસીબી ટીમના પીઆઈ વી વી ઓડેદરાની રાહબ-રીમાં એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ

જાડેજાએ ટેકનિકલ અને હ્યુમન સોર્સ તેમજ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના નેત્રમ પ્રોજેક્ટની મદદથી કનીરામ માંગીલાલ ગુર્જર (ઉવ ૨૯ હાલ રહે. કાગદડી ગામ, છત્તરના પાટિયા નજીક, રાજકોટ મૂળ રહે. રાજસમદ, રાજસ્થાન) અને પ્રહલાદ નકુલભાઈ રાઉત (ઉવ ૩૨ હાલ રહે. આણંદપર, સિલ્વર કારખાનાની ઓરડીમાં જામનગર મૂળ રહે. દુમકા, ઝારખંડ) ની ધરપકડ કરી ૧૦૯૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ વીજ વાયર જેની કિંમત રૂપિયા ૧.૮૦ લાખ અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બે ઝડપાયેલ શખ્સોની પૂછપરછમાં તેમણે કબુલાત આપી હતી કે, કનીરામ ગુર્જર અહીં કાગદડી નજીક ભંગારનો ડેલો ધરાવે છે. તેણે લોધિકાના બાલસર ગામ નજીકથી પીજીવીસીએલના વાયર ચોરી જવાનું પ્લાનિંગ કર્યું હતું. જે પ્લાનિંગને અંજામ આપવા તેણે કિશન આશારામ ગુર્જર (રહે. રાજસમદ, રાજસ્થાન)નો સંપર્ક કરતા તે અહીં તેની ગેંગના કિસન મોહનલાલ ગુર્જર ( રહે રાજસમદ, રાજસ્થાન), જીવરાજ ઉર્ફે કૈલાશ (રહે બ્યાવર, રાજસ્થાન) અને અન્ય ચાર માણસો સાથે અહીં ત્રાટક્યો હતો. બાદમાં ઝડપાયેલ કનીરામ ગુર્જર અને પ્રહલાદ રાઉત એમ મળી નવ શખ્સો લોધિકા તાલુકાના બાલસર ગામે ત્રાટક્યા હતા અને વીજપોલ પરથી ૪.૪ કિમી લાંબો વીજ વાયર કાપી ચોરીને અંજામ આપી નાસી ગયા હતા. જેથી રૂરલ એલસીબીની ટીમે ગેંગ લીડર કિશન આશારામ ગુર્જર, કિશન મોહનલાલ ગુર્જર, જીવરાજ ઉર્ફે કૈલાશ અને અન્ય ચાર શખ્સો મળી કુલ સાતની શોધખોળ યથાવત રાખી છે. ઉલ્લેખનીય છે કે, તસ્કર ટોળકીએ ગઈ તા.૦૭ ના ખીરસરા-લોધિકા રોડ પર બાલસર ગામના પાટીયા નજીક વીજપોલ પરથી એલ્યુમિનિયમ વાયર ચોરી કરી હતી. તેમજ ગઈ તા.૦૯-૦૨ ના તારાપુર હાઈવે પાસે વટામણ નજીક ગોલાણા, ગલીયાણા ગામ પાસેથી વિજ વાયરની ચોરીને અંજામ આપ્યો હતો.

# લાખાજીરાજ રોડ પર થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ એક શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

લાખાજી રોડ, ઉદ્યોગનગર, શેરી નં. ૧૪, સામેની શેરીમાં સીસીટીવી કેમેરા તોડી રૂા. ૨,૦૦૦ નું નુકશાન કરી મકાનમાં રાખેલ ૧૫૦ કિલો તાંબાના વાયર જેની કુલ કિંમત દોઢ લાખ હોયની ચોરી થયાની ફરિયાદ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. જેનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત અનુસાર સર્વેલન્સ સ્કોડના ઈન્ચાર્જ ચોલીસ સબ ઈન્સ. એચ.ટી. જીંજાળા સહિતનાઓ તપાસમાં હતા. તે દરમ્યાન એ.એસ.આઈ. જયેશભાઈ નિમાવત તથા પોલીસ હેડ કોન્સ. વિક્રમભાઈ લોખિલને મેળેલી બાતમીના આધારે લાખાજીરાજ રોડ પર ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ શખ્સે ક્રિષ્ના પાર્કની પાછળ ભુગર્ભગટરની કુંડી પાસે ખુલ્લા પટ્ટામાં આજી નદીના કાંઠે બેઠેલ શખ્સની જડતી લેવામાં આવી હતી. જેમાં તેની પાસે રહેલા પ્લાસ્ટિકનાં બાચકામાં તાંબા (કોપર)ના વાયરનો ભંગાર મળી આવ્યો હતો. જેને લઈને પોલીસે પૂછપરછ કરતાં બે દિવસ પહેલા લાખાજીરાજ રોડ પર આવેલા બંધ મકાનમાંથી ચોરી કર્યાનું કબુલ કર્યું હતું. જેને આધારે થોરાળા પોલીસ એએસઆઈ જયેશભાઈ નિમાવત તથા મહેશભાઈ સોલંકી, પોલીસ હેડ ઈન્સ. કિશોરભાઈ પરમાર તથા હસમુખભાઈ નિનામા તથા ધર્મેન્દ્રભાઈ ગઢવી, ઈમરાનભાઈ ચુડાસમા તથા હિતેશભાઈ પરમાર, વિક્રમભાઈ લોખીલ, પોલીસ ઈન્સ. નિલેશભાઈ ચૌહાણે કાર્યવાહી કરી અર્જુન ઉર્ફે ચુની ચોટલો દિલીપભાઈ ગીરધરભાઈ સોલંકી (ઉં.વ.૧૯)ને દોઢ લાખની ૧૫૦ કિ.ગ્રા. તાંબાના વયાર સાથે ઝડપી પાડયો હતો. ઉલ્લેખનીય છે કે પ્રદીપભાઈ પ્રહલાદભાઈ વાસવાણીએ થોરાળા પોલીસમાં લાખાજીરાજ રોડ પર પોતાના બંધ મકાનમાં તા. ૬ થી ૭દરમ્યાન દોઢ લાખના તાંબાના વાયરની ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે થોરાળા પોલીસે તપાસ હાથ ધરી આરોપીને ઝડપી પાડયો હતો.

# ત્રંબા નજીક બાંધકામ સાઈટ પરથી લોખંડની ચોરી કરનારા બે પકડાયાઃ ત્રણની શોધખોળ

ક્રાઈમ બ્રાંચે જામનગર રોડપરથી રિક્ષા સાથે બે શખ્સોને દબોચ્યાઃ રીક્ષા જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ત્રંબા નજીક વડાળીથી ત્રંબા જતાં રોડ પર બાંધકામની સાઈટ ચાલુ હોઇ ત્યાં થી લોખંડની ખીલાસરી ૨૫૦ કિલો ચોરાઈ ગઈ હતી. આ ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી બે શખસોને પકડી લઈ ઓટો રિક્ષા તથા ખીલાસરી કબ્જો કર્યા છે. ઝડપાયેલા શખ્સોમ પડધરીના સરપદડ અને રાજકોટના છે. ચોરીમાં વધુ ત્રણ શખ્સોના નામ ખુલતાં શોધખોળ થઈ રહી છે.


આ અંગેની જાણવા મળ્યા મુજબ અનડીટેક્ટા ચોરીના ગુના ઉકેલવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાડરે હેડકોન્સ. જયરાજસિંહ કોટીલા, ધારાભાઈ વાનરીયા, રાજેશભાઈ જળુને બાતમી મળતાં બે શખ્સોને જામનગર રોડ પથીકાશ્રમ પાસેથી રિક્ષા અને ખીલાસરી સાથે પકડી લીધા હતાં. પોલીસે બે શખ્સોત અજય મનોજભાઈ વાળા (ઉ.વ.૨૫-રહે. સરપદડ તા. પડધરી) અને વિનોદ સંજયભાઈ મકવાણા (ઉ.વ.૨૧-રહે. શીતળાધાર કોઠારીયા સોલવન્ટ સરાદર ગૌશાળા પાસે)ને પકડી લઈ ૧૫ હજારની ખિલાસરી તથા ૭૫ હજારની રિક્ષા કબ્જે કર્યા છે.આ ચોરીમાં શીતળાધારમાં રહેતાં અન્ય ત્રણ શખ્સો રોહિત જસમત દેવીપૂજક, રાહુલ જસમત દેવીપૂજક અને અશોક ધીરૂ દેવીપૂજકના નામ ખુલતાં શોધખોળ થઈ રહી છે.

# જેતપુર સીટી પોલીસ સ્ટેશનના ગુનામાં ૪ મહિનાથી નાસતા ફરતા રીઢા ગુનેગારને રાજકોટ ગ્રામ્ય LCBએ દબોચી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેન્જ આઈ.જી.પી. અશોક કુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજય ગુર્જરની સૂચના મુજબ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ચાલી રહેલી ડ્રાઈવ અંતર્ગત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (ઈઈ) ને સફળતા મળી છે. ઈઈ પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જેતપુર સિટી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ચાર મહિનાથી નાસતો ફરતો આરોપી મેઘરાજ કનુભાઈ પટગીર (ઉ.વ. ૨૫, રહે. જડેશ્વર પાર્ક, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ) ને જેતપુરના તીન બતી ચોક પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

પકડાયલ આરોપી મેઘરાજ પટગીર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, તેની સામે અગાઉ આજીડેમ, થોરાળા અને શાપર વેરાવળ સ્ટેશનમાં પોલીસ પ્રોહિબિશનના કુલ ૬ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.




# રાજકોટ મહાપાલિકાની ખાસ સામાન્ય સભામાં ફલાવર બેડની દરખાસ્ત મંજૂર

મનપાને એક વર્ષમાં ૧૦૦ કરોડની આવક થવાની સંભાવના : મ્યુ. કમિશનર દ્વારા સ્ટે. સમક્ષ નહી મુકાયેલ ફલાવર બેડની દરખાસ્તને વિટો પાવરનો ઉપયોગ કરી લીલીઝંડી અપાઇ : જુદી-જુદી શાખામાં કામ કરતા કર્મચારીઓના પગાર ધોરણમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત પણ પસાર : ચૂંટણી પહેલા ખાસ સામાન્ય સભામાં ૧૨ દરખાસ્તોને લીલીઝંડી આપી શાસકોનો લાભ ખાટવાનો પ્રયત્ન





તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાનું ખાસ જનરલ બોર્ડ મેયરની અધ્યક્ષતામાં મળ્યું હતું. ઉલ્લેખનિય છે કે આવતીકાલે શાસક પક્ષની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતી હોય તે પહેલાં આ વિશેષ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં એક ઝાટકે ૧૨ દરખાસ્તોને ફકત ૪ મિનિટમાં જ મંજૂરી આપી દેવાઈ હતી. આજે મળેલું બોર્ડ ફકત ૧૦ મિનિટ જ ચાલ્યુ હતું.

આજે મળેલી ખાસ સભામાં બિલ્ડરોને લાભ થાય તેવી ફલાવર બેડની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. એ વાત પણ નોંધનિય છે કે આ દરખાસ્ત સામાન્ય રીતે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકવામાં આવે છે પરંતુ વિપક્ષના ડરે કમિશનર દ્વારા આ દરખાસ્ત ગત અઠવાડિયે મળેલી સ્ટેન્ડિંગની બેઠકમાં મુકવામાં આવી ન હતી. પરંતુ સામાન્ય સભામાં વીટો પાવર વાપરી આ દરખાસ્ત મંજૂર કરી દેવાઈ હતી. આ દરખાસ્ત મંજૂર થતાં બિલ્ડરોને અનઅધિકૃત બાંધકામ નિયત કરેલ નાણાં ભરી રેગ્યુલર કરવાની વિપુલ તક મળશે અને એ સાથે રાજકોટ મહાનગરપાલિકાને પણ નવી નાણાંની આવક મળશે.

સૂત્રોના જણાવ્યા મુજબ ફકત એક જ વર્ષમાં ૧૦૦ કરોડથી વધુ આ દરખાસ્ત અંતર્ગત રાજકોટ મનપાને આવક થાય તેવી સંભાવના છે. આજે અન્ય જે દરખાસ્ત જનરલ બોર્ડમાં રજૂ થઈ હતી તેમાં રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી શાખાઓની જગ્યાઓના કર્મચારીઓના પગાર ધોરણમાં સુધારો કરવા અંગેની દરખાસ્ત પણ ચૂંટણી પહેલાં શાસકો દ્વારા મંજૂર કરી દેવાતા કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ હતી. આ સિવાય અન્ય દરખાસ્તોને પણ મંજૂર કરાઈ હતી.

## બિલ્ડરોને ખટાવવા ખાસ બોર્ડ બોલાવાયુંઃ વશરામ સાગઠીયા



આજે મેયર દ્વારા ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેને લઈ વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠીયાએ વિરોધ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતુ કે ખાસ સભાને લગતી કાર્યવાહીમાં અરજન્ટ દરખાસ્ત જીપીએમસી એકટની જોગવાઈ મુજબ લઈ શકાતી નથી. તેઓએ આક્ષેપ કર્યો હતો કે મનપાની ચૂંટણી પહેલાં શાસકો દ્વારા બિલ્ડરોને લાભ આપવા જ આ ખાસ બોર્ડ બોલાવવામાં આવ્યું હતું. તેઓએ આજે અન્ય એક સ્ફોટક નિવેદન કરતાં જણાવ્યું હતુ કે વોર્ડ નં.૮ની પંચવટી સોસાયટી શેરી નં.૨માં એક ગેરકાયદે બાંધકામ થઈ રહ્યું છે જે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરનું છે. તેઓએ એ પણ જણાવ્યું હતુ કે મેયર બાદ સ્ટેન્ડિંગ ચેરમેને પણ ગેરકાયદે બાંધકામ ખડકયુ છે એ વાત વ્યાજબી નથી. તેઓએ એવી પણ ચિમકી આપી હતી કે જીપીએમસી એકટની ઊલ્લંઘનને લઈ તેઓ કોર્ટના દરવાજા પણ ખટખટાવશે.